# ગુડાના આવાસોમાં નળમાં પાણી આવતુ નથી... પણ છતમાંથી ટપકે છે....!!

## રાયસણ સ્થિત આવાસ યોજનામાં છેલ્લા ત્રણ દિવસથી પાણી ન આવતા રહીશો ત્રાહીમામ : ચેરમેનની ગેરહાજરીમાં ગુડાનો વહીવટ ખાડે : સીટીંગ અને મીટીંગમાં મસ્ત રહેતા ગુડાના અધિકારીઓ પણ રસ લેતા નથી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ કરાયેલા આવાસોમાં રહીશોની સ્થિતિ દયાજનક છે. રાયસણ સ્થિત ગુડાના આવાસોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી આવતુ નથી. વરસાદી દિવસોમાં ગુડાના આવાસોમાં ભેજ આવે છે. નળમાં પાણી આવતુ નથી પણ છતમાંથી પાણી ટપકે છે. આ મામલે ગુડાના જવાબદાર અધિકારીઓને પણ જાણ કરવામાં આવી છે. પરંતુ ગુડા કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા ન હોવાથી રહીશોની હાલત કફોડી બની છે. મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ માંડ કરીને એલ આઈ જી ગૃપના સભ્યોએ મકાન ખરીદયા છે. પરંતુ સુવિધાના નામે મીંડુ હોવાથી સ્થાનિકો આગ બબુલા બન્યા છે. ગુડામાં ચેરમેનની મુદત પુર્ણ થયા બાદ અધિકારીઓના મનસ્વી વલણના લીધે કચેરીનો વહીવટ સાવ ખાડે ગયો છે. આમ નાગરિકોની ફરિયાદ સાંભળનાર કોઈ નથી.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ રાયસણ , અડાલજ અને ચિલોડામાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસ બાંધવામાં આવ્યા હતા. જયારે આ આવાસોમાં હાલ રહીશોનો વસવાટ પણ જોવા મળી રહયો છે. પરંતુ કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી આ યોજનાની જાળવણી સદંતર વિસરાતા રહીશોને જરૂરી સુવિધા માટે પણ વલખા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. ઓછી આવક ધરાવતા આમ નાગરિકો માટે સુવિધાસભર આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હોવાની સોહામણી વાતો વચ્ચે એલ આઇ જી ગૃપના સભ્યોએ આવાસો ખરીદયા હતા. પરંતુ ગુડાના તંત્રએ આવાસોની ફાળવણી બાદ તેમની જવાબદારી પુર્ણ થઇ ગઇ હોય તેમ હાથ ઉંચા કરી લેતા સ્થાનિક રહીશો મુંઝવણમાં મુકાયા છે. આવાસોની જાળવણી પેટે પણ ગુડા દ્વારા તગડી રકમ વસુલવામાં આવી છે. ત્યારે આવાસમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી આવતુ નથી. મોટર બળી જતા સમસ્યા સર્જાઇ છે. જયારે ત્રણ દિવસની ફરિયાદોના અંતે પણ આ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી. આ ઉપરાંત ગુડાના આવાસમાં ભેજ ઉતરતો હોવાની ગંભીર સમસ્યાથી પણ રહીશો તોબા પોકારી ગયા છે. આવાસ યોજનાની કામગીરીમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહયા છે. છેલ્લા ત્રણ દિવસથી રાયસણમાં સ્થિત બ્લોકનં - ૩પરના આવાસોમાં પાણી આવતુ નથી. સ્થાનિકો આ મામલે ગુડાના તંત્રને રજુઆત કરીને પણ થાકી ગયા છે. પરંતુ ગુડાના અધિકારીઓ પણ પોતાની મનમાની કરીને આ તરફ ધ્યાન આપતા નથી. મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ કરાયેલી પંડિત દિનદયાળ યોજનાના આવાસોમાં રહીશોની દશા ગુડાના વાંકે દયાજનક બની છે.

# કોમનવેલ્થ ગેમ્સની જુનિયર ફેન્સિંગમાં સે. પના સચીન પટણીને સિલ્વર મેડલ

ગાંધીનગર, તા. ૨૮




ગાંધીનગરના યુવા રમતવીરો હવે વિવિધ રમતોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ઝળકી રહ્યાં છે. તાજેતરમાં ઈંગ્લેન્ડ ખાતે યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં જુનિયર એન્ડ કેટેડ ફેન્સિગ ચેમ્પિયનશીપમાં સે. પ-એના સચીન પટણીએ સિલ્વર મેડલ જીતી શહેર તથા દેશનું નામ રોશન કર્યુ છે.

ઈંગ્લેન્ડના ન્યુકસેલ ખાતે કોમનવેલ્થ ગેમ્સની જુનિયર એન્ડ કેડેટ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. આ સ્પર્ધામાં તા. ૨૬મી જુલાઈના રોજ તલવારબાજીની રમતમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરના સે. પ-એમાં રહેતા સચીન મનોજભાઈ પટણીએ શાનદાર પરફોર્મન્સ કરતાં સિલ્વર મેડલ જીતી લીધો છે. માત્ર ૧૬ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી સચીનને પટણી સમાજ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ... સરસ કાયદો થઈ ગયો... પુરુષો માટે દારૂબંધી અને સ્ત્રીઓ માટે પાણીપુરી બંધી...!!**

## આજે સે. ૨૨માં જૈન દેરાસર ખાતે જાહેર પ્રવચનનો કાર્યક્રમ

ગાંધીનગરમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સેક્ટર-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસ કરવા પધારેલા મહારાજ સાહેબના જાહેર પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આવતીકાલે તા. ૨૯મી જુલાઈ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે યોજાશે. જેમાં પૂ. ધર્મભૂષણ મહારાજ સાહેબ દ્વારા ''મોઘેરો માનવ ભવ' અને પૂ. વિમલયશ મહારાજ સાહેબ દ્વારા 'સંબંધોની બાયપાસ સર્જરી' વિષયે જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રવચનનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ જૈનસંઘ દ્વારા આપવામાં આવ્યું છે.



ગાંધીનગરના સેક્ટર-૨૭માં સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આપણું ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ શાળાના આચાર્ય તથા શિક્ષક સહિત આશરે ૧૫ જેટલા વિદ્યાર્થીઓની મદદથી વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગુલમહોર, આસોપાલવ, ગરમાળો, બારમાસી, અરડૂસી, કરણ, નિલગીરી, ચંપો અને આંબો જેવા ૭૦ થી વધુ વૃક્ષો વાવ્યા હતા.

# વડોદરા-લાટની પ્રાથમિક શાળામાં મેદાન કે પાણીની સુવિધા જ નથી : દિનેશજી

ગાંધીનગર, તા. ૨૮

એક તરફ મિશન વિદ્યા થકી શૈક્ષણિક ક્રાંતિનું સ્વપ્ન સરકાર જુએ છે પણ ગાંધીનગર તાલુકામાં સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગિફટસીટીની નજીક આવેલ વડોદરા-લાટ ગામમાં પ્રાથમિક શિક્ષણ માટે બાળકોને ૨ કિ.મી. ચાલીને જવુ પડે છે.

જિલ્લા પંચાયતના સદસ્ય અને મહિલા બાળ વિકાસના પૂર્વ ચેરમેન દિનેશજી ઠાકોરે વિદ્યાર્થીઓની આ વેદનાને વાચા આપતાં જણાવ્યુ છે કે નજીકના ખાનગી બોરમાંથી બાળકો માટે પીવાનું પાણી આવે છે. આ બાળકો રોજ બે કિલોમીટર ચાલીને જાય છે તેમાં ૫૦૦ મીટરનો રસ્તો તો મેટલનો છે. રોડની નજીકમાં શાળાનું સંકુલ છે અને સતત અકસ્માતનો ભય વાલીઓને સતાવે છે.

આ માટે ગ્રામ પંચાયતે જગ્યા નીમ કરી અને દરખાસ્ત કરી છે પણ તેના ઉપર ધૂળ ચડી ગઈ ગઈ છતાં સરકારનું કે તંત્રનું પેટનું પાણી હાલતુ નથી. આ શાળામાં બાળકોને રમવા માટે મેદાન પણ નથી. વર્ગખંડો સિન્ટેકસના બનાવેલા છે.

આ મુદ્દે જિલ્લા શિક્ષણ સમિતિમાં પણ રજુઆત કરી તેઓ થાક્યા છે. સરકાર કે તંત્ર આવી કિન્નાખોરી કેમ દાખવે છે તે સમજાતુ નથી.

# લવારપુર પાસે કોન્સ્ટેબલ પર બુટલેગરનો જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં બુટલેગરો હોય બેફામ બનતા જાય છે. પોલીસે જ મોટા કરેલા બુટલેગરો હવે પોલીસના માથે ચડી ગયા હોય તેવું રાજયના વિવિધ જિલ્લામાં બહાર આવતા પોલીસ પર બુટલેગરોના બુટલેગર તેના સાગરીતો સાથે છરો લઈને બહાર આવી ગયો હતો ને કોન્સ્ટેબલ ઉપર હુમલો કરી દીધો હતો. છરાના પાંચ જેટલા ઘા ઝીંકીને પાંચ બુટલેગર અને સાગરિતો ફરાર થઈ ગયા હતા. જેને રાત્રે જ ગાંધીનગર પોલીસે પિતરાઈ ભાઈ વિજય કોરડીયા ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેની ડયુટી રણાસણ સર્કલ પાસે હતી. કોન્સ્ટેબલ વિજય લવારપુર સર્કલ પાસે ઊભો હતો અને તેની પાસે

**દારૂ ભરેલી રિક્ષા ચેક કરતા અંદર બેઠેલો બુટલેગર છરો લઈને નીકળ્યો અને કોન્સ્ટેબલને પાંચ ઘા ઝીંકી દીધા : કોન્સ્ટેબલ એપોલોમાં દાખલ : હુમલાખોર પાંચેય આરોપીની ધરપકડ : વિદેશી દારૂ ભરેલી રિક્ષા પણ જપ્ત**

હુમલાના કિસ્સાઓથી સ્પષ્ટપણે માની શકાય તેમ છે. ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ઉપર ગઈકાલે લવારપુર ચોકડી પાસે બુટલેગરે જીવલેણ હુમલો કર્યો હતો. શંકાસ્પદ રીક્ષા ચેક કરવા જતા મહેનત કરીને શોધી કાઢી પાંચેય હુમલાખોરોની ધરપકડ કરી તેમની વિદેશી દારૂ ભરેલી રિક્ષા જપ્ત કરી દીધી છે. આ માલ કોનો હતો અને ક્યાંથી લવાયો હતો તે સહિતની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

એસપી ચિરાગ કોરડીયાનો વાહન ન હતું જેને કારણે તેણે તેના મિત્ર પ્રકાશ ભોઈને વાહન લઈને રણાસણ સર્કલ ઉતારી જવા કહ્યું હતું. તે અરસામાં એક અતુલ શક્તિ લોડિંગ રિક્ષા લવારપુર સર્કલ પાસેથી પસાર થઈ રહી હતી. આ રીક્ષા ઉપર શંકા જતા કોસ્ટેબલ

● અનુસંધાન પાના - ૭ પર

# ઉગમણા ૨૭ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૮

૨૭ ગામોના ગામના ટ્રસ્ટની સામાન્ય સભા તેમજ કારોબારી સમિતિની બેઠક ગાંધીનગર આંબેડકર હોલ ખાતે યોજાઈ હતી.

જેમાં સામાન્ય સભાના ઠરાવો -સુચના વર્ષ-૨૦૧૭-૧૮ના વર્ષની કરવામાં આવેલ કામગીરી અને વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે હોદેદારો અને કારોબારી સભ્યો તેમજ મહિલાપાંખના સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે પી.જે રાઠોડ, મહામંત્રી તરીકે કનુભાઈ મહેરીયા, ઉપપ્રમુખ કાલીદાસ બી. પરમાર, કિરીટભાઈ કે પરમાર, હિતેન્દ્રકુમાર પરમાર, કરશનભાઈ પરમાર, ખજાનચી સુનિલ કુમાર રાઠોડ, કાર્યાલય મંત્રી નટવરલાલ મોઢવાડીયા, મંત્રી તરીકે જીતેન્દ્ર એમ અડાલજા, દુર્ગેશભાઈ એ પરમાર, નરસિંહભાઈ એમ પરમાર, સંગઠન મંત્રી તરીકે ઉદય જે ધારવા, સાંસ્કૃતિક અધ્યક્ષ તરીકે ચતુરભાઈ કે પરમાર, આંતરીક ઓડીટર તરીકે બિપિનભાઈ એસ પરમારનો સમાવેશ થાય છે. જયારે કારોબારી સભ્યોમાં ૧૩ હોદેદારો અને મહિલા પાંખમાં કન્વીનર તરીકે દેવલ રાઠોડ, સહકન્વીનર તરીકે કોકીલાબેન પરમાર, અને ગં.સ્વ. રમીલાબેન પરમાર અને નિરૂપમાબેન પરમારનો સમાવેશ થાય છે.




ભાજપના સેક્ટર-૨૩ એકમ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસ), કોર્પોરેટર્સ નીલાબેન શુકલ, ધીરૂભાઈ ડોડિયા, પ્રભારી કિર્તી પટેલ, વોર્ડ પ્રમુખ હીરાભાઈ ઉપરાંત પંકજ શુકલ, અલ્પેશ ભટ્ટ, આદિત્ય શર્મા વગેરે સહિત વન વિભાગના ચૌધરી અને મહિલા અગ્રણીઓમાં એએફએસના વર્ષાબેન પારેખ સહિત જીજ્ઞાબેન ગજ્જર, સોનલ શાહ, ક્રિશ્ના જયસ્વાલ, પ્રિયા મુલાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ધો-૧૦ અને ૧૨ ની પુરક પરીક્ષામાં ૧૨ થી ૧૪ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયા

**પુરક પરીક્ષામાં રાજયના સરેરાશ પરિણામની સામે જિલ્લાનુ પરિણામ નીચુ : ધો -૧૦ માં માત્ર ૩૦૦ અને ૧૨ માં ફકત ૩૯ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા**

ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત જુલાઈ મહીનામાં લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પુરક પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં ધો-૧૦ માં ૨૦૬૭ પૈકી માત્ર ૩૦૦ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે.જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૮.૮૮ અને વિજ્ઞાન પ્રવાહમાં ૧૨.૮૩ ટકા પરિણામ જાહેર થયુ છે. પુરક પરીક્ષાનુ પરિણામ પણ ચિંતાજનક પુરવાર થયુ છે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષામાં એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જુલાઈ મહીનામાં પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે જિલ્લામાંથી અંદાજિત ૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ આ પુરક પરીક્ષા આપી હતી. એસ એસ સી અને એચ એસ સીની પુરક પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેના અંતે પરિણામની ટકાવારી નબળી હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. જેમાં ધો -૧૦ માં ગાંધીનગર જિલ્લામાં પુરક પરીક્ષાનુ પરિણામ રાજયના સરેરાશ કરતા પણ ઓછુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જિલ્લાનુ પરિણામ માત્ર ૧૪ .૫૧ ટકા જ આવ્યુ છે. જિલ્લામાંથી ૨૦૬૭ વિદ્યાર્થીઓ પૈકી પુરક પરીક્ષામાં માત્ર ૩૦૦ જ પાસ થયા છે.જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં રાજયના સરેરાશ ૪૦ ટકા પરિણામ સામે જિલ્લાનુ ૩૮.૮૮ ટકા જ પરિણામ આવ્યુ છે. જેમાં ૨૩૨૦ પૈકી ૯૦૨ વિદ્યાર્થીઓ જ ઉત્તિર્ણ થયા છે. જયારે વિજ્ઞાન પ્રવાહમાં ૩૦૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે આ પૈકી ૩૯ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે.જિલ્લાનુ પરિણામ ૧૨.૮૩ ટકા આવ્યુ છે.



વોર્ડ.૧ ભાજપ મહાનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ વન વિભાગના કર્મચારીઓની હાજરીમાં અને વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, ઉપપ્રમુખ ઉરેન પટેલ, કીર્તિ પટેલ, યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ, કિસાન મોરચાના પ્રવીણ પટેલ તથા સૌ કાર્યકરોની હાજરી માં વૃક્ષ વાવી અને તેનું જતન કરવાના શપથ લીધા હતા.

# જિલ્લામાં પૈડા પરની જીંદગી જોખમી બની : બે વર્ષમાં ૪૬૭ના મૃત્યુ

## શહેરનો માર્ગ અકસ્માતમાં મૃત્યુ આંક ૭૦ પર પહોંચ્યો : હિટ એન્ડ રનના બનાવો વધ્યા

ગાંધીનગર, તા.૨૮

ટ્રાફિક સેન્સના અભાવે તથા ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવાના બે મુખ્ય કારણોસર માર્ગ અકસ્માતોના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો પૈડા પરની જીંદગી જોખમી બની ગઇ હોવાનું માર્ગ અકસ્માતમાં મૃત્યુના આંકડા પરથી સાબિત થાય છે. છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૪૬૭ વ્યક્તિઓના મૃત્યુ થયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયુ છે. તેમાં પણ ગાંધીનગર શહેરમાં બે વર્ષમાં ૭૦ વ્યક્તિઓના મૃત્યુ માર્ગ અકસ્માતથી થયા હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં વધતા ટ્રાફિકની સાથે-સાથે અકસ્માતો તથા મોતના બનાવો પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે ટ્રાફિકની બાબતોમાં પબ્લિક અવેરનેસ ખૂબ જરૂરી અને મહત્વની સાબિત થાય તેમ છે. જેને ધ્યાને લઈને શહેર વસાહત મહામંડળ દ્વારા ટ્રાફિક અવેરનેસની માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરી છે જન્મ લોકાર્પણ પણ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવ્યું છે.

દેશમાં દર કલાકે સરેરાશ ૫૫ માર્ગ અકસ્માતો અને માર્ગ અકસ્માત મૃત્યુ થવાના ૧૭ બનાવો બને છે. ગાંધીનગર જિલ્લામાં પણ ટ્રાફિક અવેરનેસના અભાવે માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. જિલ્લામાં વધતા જતાં ટ્રાફિકની સાથોસાથ માર્ગ અકસ્માતો અને તેના કારણે મૃત્યુના બનાવો પણ સતત વધી રહ્યા હોવાનું પોલીસ રેકર્ડ પરથી જાણવા મળે છે ત્યારે આ બાબત એક ચિંતાનો વિષય બની ગઈ છે. દુનિયાભરમાં આતંકીઓને કારણે થતા મૃત્યુ કરતા માર્ગ અકસ્માત થતા મૃત્યુઆંક ૧૬૯ ગણો વધુ હોવાનું જાણવા મળે છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ માં માર્ગ અકસ્માતમાં સૌથી વધુ ૨૪૦ વ્યક્તિઓના મૃત્યુ નોંધાયા હતા. તેની દ્રષ્ટિએ ગાંધીનગર શહેરની માર્ગ અકસ્માતમાં તુલના કરીએ તો પણ આપણે વધુ સચેત થવાનો સમય પાકી ગયો છે. વર્ષ ૨૦૧૬માં ગાંધીનગર શહેરમાં ૮૧૨ અકસ્માતોમાં ૨૮ ના મૃત્યુ નોંધાયા હતા. જયારે વર્ષ ૨૦૧૭માં માર્ગ અકસ્માતમાં ૪૨ મૃત્યુ નોંધાયા હતા. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અકસ્માતમાં ૪૬૭ ના મૃત્યુ થવા પામ્યા છે. તેમાં પણ ગાંધીનગર શહેરમાં બે વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૭૦ વ્યક્તિઓના મૃત્યુ નોંધાયા છે. નોંધનીય બાબત એ છે કે હિટ એન્ડ રનના બનાવો પણ ગાંધીનગરમાં વધી ગયા છે. આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટ્રાફિક અવેરનેસને લગતી માર્ગદર્શિકા તૈયાર કરીને ડીએસપી કચેરી ખાતેથી તેનું વિમોચન કર્યું છે. શહેર વસાહત મહામંડળ ના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે કે મોટાભાગના માર્ગ અકસ્માતમાં મૃત્યુના બનાવો પાછળ ટ્રાફિક અવેરનેશ નો અભાવ અને બેદરકારી જવાબદાર છે. આ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયાની ઘટનાઓમાં મોટાભાગે ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, નશાનું સેવન કરીને વાહન ચલાવવું, હેલમેટ કે સીટબેલ્ટ ના બાંધવા, ઓવર સ્પીડમાં વાહન ચલાવવું તે સહિતના કારણો જવાબદાર હોય છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવામાં આવે તો આ મૃત્યુઆંક ઘટી શકે તેમ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ